# કેશુભાઈનો મોવડીમંડળને પત્ર...

બદલા અને વૈમનસ્યનું રાજકારણ ખેલનારાનું વરવું સ્વરૂપ તમે પણ જોઇ લીધું છે. હવે જો આપ માર્ગ નહીં કાઢો તો પ્રજા જાતે માર્ગ શોધી લેશે. પોતાની સરકાર પ્રજા અને ભાજપાની હતી તેમજ સંઘ પરિવારની ભગિની સંસ્થાઓ સાથે સંકલન કરીને ચાલતી હતી જ્યારે આ સરકાર માત્ર એક વ્યક્તિની સરકાર છે જેના કારણે કાર્યકર હતાશ છે.

આજે હું મૌન તોડું છું. આ પ્રજાએ મને બે-બે વાર મુખ્યમંત્રી બનાવ્યો છે. હજારો કાર્યકર્તાના લોહી અને પરસેવાથી આ સરકાર બની છે પરંતુ આજે કાર્યકર્તા અને પ્રજાની સ્થિતિ તેમજ અવદશા જોઈ શકાતી નથી એટલે આ પત્ર લખ્યો છે. ગુજરાતને ગરીબ અને મધ્યમવર્ગ બે છેડા ભેગા કરી શકતો નથી. રાજ્ય સરકારના વેટના ભારણથી ગેસ, ડીઝલ અને પેટ્રોલ દેશમાં સૌથી મોંઘા અહીં મળે છે. ૧૯૯૫માં મારી સરકારે પ્રજાને કલ્યાણકારી યોજના આપી હતી. જેમાં બે રૂપિયે કિલો ઘઉં, ૩ રૂપિયે કિલો ચોખા અને એસટીના ભાડામાં ૨૦ ટકાનો ઘટાડો કરાયો હતો. વીજ બીલમાં ૨૫ ટકા રાહતના કારણે દલિતો, આદિવાસી અને ગરીબોને લાભ મળતો હતો.

આજે સ્થિતિ એ છે કે, એસટી બસો પ્રજાની સેવાના બદલે પોતા માટે કૃત્રિમ ભીડ ઉભી કરવા માટે સેંકડો રૂટ બંધ કરી દેવાય છે. સરકારી તંત્ર પ્રજાના બદલે એક જ માણસની સેવામાં હોય છે. લોકપ્રિયતાની વાતોમાં પણ હવે વળતા પાણી થયા છે. સુરતમાં તેમના કાર્યક્રમોમાં પાંખી હાજરી અને કૃષિ મહોત્સવને નબળો પ્રતિસાદ તેની સાબિતી છે. ખેડૂતોને હથેળીમાં ચાંદ બતાવાય છે અને નળ ખોલશો તો તેમાંથી ક્રુડ ઓઇલ આવશે તેમ કહેવામાં આવે છે. ગાંધીનગરમાં સેંકડો મંદિરો તોડાયા, મહંતોની હત્યા થઈ, લાખો હેક્ટર ગૌચરવેચાયું અને ગાય કતલખાને ગઇ છે.

નેનો પ્રોજેક્ટમાં ૩૩ હજાર કરોડનું પેકેજ આપી સરકારી તિજોરીને લૂંટાવવામાં આવી છે અને વિકાસના સંદર્ભમાં માત્ર વાતો કરી છે. વિકાસ તો કરોડપતિઓનો જ થયો છે. મારા સમયમાં ગુજરાત મૂડીરોકાણમાં પહેલા તથા બીજા ક્રમે રહ્યું છે. આજે ગુજરાત પાંચમા ક્રમે ગયુ છે. જીડીપીના વિકાસદરમાં બિહાર કરતા પણ પાછળ છઠ્ઠા ક્રમે ધકેલાયું છે. દસ વર્ષમાં દેવુ એક લાખ કરોડ વધ્યું છે. મારા સમયમાં ૨૦૦૧ સુધીમાં ખેડૂતોને ૧૫૬૯૫ મિલિયન યુનીટ વીજળી મળતી હતી. ૨૦૧૧માં ૧૩,૨૮૫ મિલીયન યુનીટ વીજળી અપાતી હતી.

ગુજરાતની મહત્વની કલ્પસર યોજના જે રાજ્યની કાયાપલટ કરે તેમ છે તેમાં ૧૦ વર્ષમાં આ સરકાર એક ઇંચ પણ આગળ વધી નથી. વાઇબ્રન્ટના ઘણા ઢોલ પિટવામાં આવ્યા છતાં ચોથા ભાગનું પણ મૂડીરોકાણ થયું નથી. શિક્ષણનું વેપારીકરણ કરી નાખ્યું છે. ગરીબ કે મધ્યમવર્ગના દિકરા-દીકરી ભણી ન શકે તેવું થયું છે. ખેડૂતોની આત્મહત્યા ગુજરાતમાં ક્યારેય થતી ન હતી. છેલ્લા દાયકામાં પાંચ હજારથી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. આ સરકારે ભ્રષ્ટાચારમાં સમગ્ર દેશમાં મોખરે છે. એક લાખ કરોડના ભ્રષ્ટાચાર ૪૨,૩૭૯ કરોડનો કેગના અહેવાલ મુજબ બહાર આવેલી ગેરરીતિઓ છતાં લોકાયુક્તની તપાસ કરાતી નથી.

# કાશ્મીરને બચાવવા લોકોએ હવે લાલ આંખ કરવી પડશે

**શ્યામાપ્રસાદની પુણ્યતિથિએ મોદીનુ નિવેદન : કોંગ્રેસની વોટબેન્કની નીતિના કારણે દેશની એક્તા સામે સંકટ સર્જાયું છે : એકતાને જાળવી રાખવા પગલા જરૂરી**

અમદાવાદ, તા. ૨૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સ્વ. ડૉ. શ્યામપ્રસાદ મુખરજીની પુણ્યતિથિએ ભાજપના સક્રિય સભ્ય તરીકે નામાંકન કરાવ્યા બાદ જણાવ્યું હતું કે, વોટબેન્કની રાજનીતિના કારણે કેન્દ્રની કોંગ્રેસ શાસિત સરકારે જમ્મુ અને કાશ્મીરને ફરી એકવાર સંકટના ઘેરામાં નાંખવાનો પ્રયાસ કર્યો છે તેની સામે દેશની એકતા અને અખંડિતતાનેવરેલા સહુ નાગરિકોએ લાલ આંખ કરવી પડશે.

સ્વ. શ્યામપ્રસાદ મુખરજીએ રહસ્યમય સંજોગોમાં ૧૯૫૨માં જમ્મુ-કાશ્મીરની જેલમાં દેહ છોડવા પડ્યો અને આઝાદ ભારતના તેઓ પહેલા શહિદ હતા. તેની ભુમિકા આપતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તેમણે જીવનભર ભારતની એક્તા અને અખંડિતતા માટે સંકલ્પ કરી જીવન ખપાવી દીધું હતું.

ભાજપ દ્વારા ગુજરાતમાં આજે તા. ૨૩થી ૨૫ જુન સુધી કાશ્મીર



બચાવો, દેશની એક્તા ટકાવો અભિયાન શરૂ થઈ રહ્યું છે તે સંદર્ભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કમનસીબે ૧૯૫૨ની આ ઘટના પછી ૬૦ વર્ષે ફરી એકવારા બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન વાયુ ચક્ર જમ્મુ-કાશ્મીરમાં જીવીત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે ત્યારે આ સંજોગોમાં દેશની એકતા અને અખંડિતતાને વરેલા સૌ નાગરિકોએ જમ્મુ અને કાશ્મીરને હોમી દેવાની વોટબેન્કની રાજનીતિની ચાલ ચાલી છે તેની સામે લાલ આંખ દર્શાવવાનો સમય પાકી ગયો છે.






(તસવીર : દિપક જાની)

જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના બલિદાન દિવસની ઉજવણી શનિવારે ગાંધીનગરમાં યોજાઈ હતી. ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના જીવન કવર પર વ્યાખ્યાન યોજાયું હતું. ભારતીય જનતા પાર્ટીના સભ્ય નોંધણી ઝુંબેશનો પ્રારંભ શનિવારથી જ આરંભાયો હતો. મહાનગર ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં આંબેડકર હૉલ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર ઝલક

- સોમવારે રિઝર્વ બેન્કના ગવર્નર મહત્વનું નિવેદન કરશે.
- જૂનાગઢના ૩૧૫ માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્તિ મળશે.
- વટવા જી.આઇ.ડી.સી.માં કેમિકલ ફેક્ટરીમાં આગ, ૧૦ ફાયર ફાઇટરોની સેવા.
- શામળાજી ખાતે બાસમતી ચોખાની ૮ લાખની ગુણો મળી આવી.
- વિશ્વની ૧૫ બેંકોનું ગ્રેડીંગ ડાઉન થતાં અર્થતંત્ર પર ભારે અસર.
- ક્રૂડ તેલનો વિશ્વમાં ભાવ ઘટાડો છતાં પેટ્રોલમાં ભાવ ઘટાડાની શક્યતા નહિવત.
- ગુડગાંવની નજીક બોરમાં પડેલ બાળક હજુ બહાર કાઢી શકાયો નથી, ૬૪ કલાકથી વધુ સમય પસાર થવા છતાં નિષ્ફળતા.
- ગુજરાતમાં કોઇ પણ ખેડૂત જમીન ખરીદી શકે છે, હાઇકોર્ટનો સકવર્તી ચુકાદો, કચ્છના ખેડૂતોની અપીલ હતી.
- દાહોદ તાલુકા ખજુરીયા ગામે ગોળીબાર ઘટનામાં ડી.વાય.એસ.પી. ને ઇજા.
- લીફ્ટોમાં વધતાં અકસ્માતોથી ૨૧૦૦ લીફ્ટ વપરાશકારોને નોટિસ.
- મહારાષ્ટ્ર સચિવાલયની આગમાં ૨૦૦૦ કોમ્પ્યુટર ભસ્મીભૂત.
- શ્રી સંજય ગાંધીની ૩૩મી પુણ્યતિથીએ રાષ્ટ્રએ શ્રધ્ધાંજલિ અર્પી.
- ભરૂચમાં બુકાનીધારીઓએ રૂા. ૭ લાખની ઉઠાંતરી કરી, લોકોમાં રોષ.
- રાષ્ટ્રીય કોંગ્રેસ વિદ્યાર્થી પાંખ મંત્રી શાહનવાઝ પર પટવા શેરી અમદાવાદમાં હુમલો.

# મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવેસરથી ભાજપના સક્રિય સભ્ય તરીકે નામાંકન ભર્યું

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી શ્રી નરેદ્રભાઈ મોદીએ આજે સ્વ. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથીએ ભારતીય જનતા પાર્ટીના સંગઠન પર્વ નિમિત્તે પક્ષના નવેસરથી સક્રિય સદસ્ય તરીકેનું નામાંકન કર્યું હતું.

પ્રદેશ ભાજપના સંગઠન પર્વના ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પંડયા, શ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ શાહ અને શ્રી કે.સી. પટેલ સહિતના પ્રદેશ અગ્રણીઓ આજે સવારે મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગાંધીનગર સ્થિત નિવાસ સ્થાને આવ્યા હતા અને ભાજપાના સક્રિય સભ્ય તરીકેનું નામાંકન પણ ભરાવ્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, હિન્દુસ્તાનમાં ભાજપે એના સંગઠનને વધુ મજબૂત કરવાનો ઉપક્રમ કરેલો છે. સક્રિય સભ્ય બનાવવા, લોકશાહી ઢબે આંતરીક ચૂંટણી કરવી એ ભાજપની વિશેષતા છે અને સંગઠનનો વધુ વ્યાપ-વિસ્તાર કરવા સદસ્ય નોંધણી ઝુંબેશ શરૂ કરી છે. સાથે સાથે બધા જ સભ્યો નવેસરથી સક્રિય સદસ્ય બની રહ્યા છે એનો તેમણે આનંદ વ્યકત કર્યો હતો.

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ બાયડના તેનપુર ખાતે, ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ નવસારી ખાતે, ભજપાના પ્રદેશ મહામંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ ખાતે, પ્રદેશ મહામંત્રી શ્રી બાળુભાઈ શુકલએ વડોદરા પ્રાથમિક સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. ભાજપા સંગઠન પર્વ ૨૦૧૨ના ઉપક્રમે નવા ૨૦ ટકા સભ્યો બનાવવાનું અને એક લાખથી વધારે સક્રિય સભ્યો બનાવવાનું કાર્ય ૩૦ જૂન સુધીમાં સંપન્ન કરશે. ભાજપા સંગઠન પર્વના માધ્યમથી બુથ લેવલનો પોતાનો જનાધાર વિસ્તારશે.

# બોમ્બ મળવાના સંબંધમાં છ શખ્સની ધરપકડ કરાઈ

**રથયાત્રા પૂર્વે પાંચ જીવતા બોમ્બ મળ્યા હતા : કોમ્બિંગ દરમિયાન મુખ્ય આરોપી મોહસીન સહિત છની ધરપકડ કરી પૂછપરછ : મામલામાં હજુ પણ ચકાસણી**



અમદાવાદ, તા. ૨૩

રથયાત્રાના ૨૪ કલાક પહેલા જ ગોમતીપુર વિસ્તારની ખુલ્લી જગ્યમાંથી ૫ જીવતા બોમ્બ મળતા સમગ્રશહેરમાંચકચાર મચી ગઈ હતી. એક તરફ રથયાત્રામાં આતંકવાદીઓના હુમલાની દહેશત વચ્ચે આવી ઘટના પ્રકાશમાં આવતા પોલીસ તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું હતુ અને આખી રાત પોલીસે કોમ્બિંગ હાથ ધર્યું હતુ. ત્યારે ક્રાઇમ બ્રાન્ચે આ મામલે મુખ્ય આરોપી મહોસીન સહિત છ આરોપીઓની ધરપકડ કરી છે. બીજી તરફ વધુ તપાસ માટે આરોપીઓના રિમાન્ડ મેળવવા પોલીસે તજવીહ હાથ ધરી છે. ગોમતીપુર વિસ્તારમાં પાર્ક કરેલી ટ્રકના પાછળના ભાગે મુકેલી કાળી થેલીમાં જિવતા બોમ્બ છે તેવો મેસેજ પોલીસ કંટ્રોલ રૂમને મળ્યો હતો. જેથી પોલીસે ઘટના સ્થળે જઇ બોમ્બ ડિફ્યુસ કર્યા હતા. જેના કારણે મોટી જાન હાની ટળી હતી. બીજી તરફ આ બોમ્બ કોને મુક્યા, કેમ મુક્યા, સહિતના વિવિધ મુદ્દે પોલીસે તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત જે નંબરથી પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન આવ્યો હતો. તેની ડિટેઇલ કાઢી મોબાઈલના માલીક જેકીની અટકાયત કરી હતી. ત્યાર બાદ અંગત અદાવતમાં આ કૃત્ય આચર્યુ હોવાની વિગત પ્રકાશમાં આવી હતી અને આ બોમ્બ ગોમતીપુર રહેતા મોહસીને બનાવ્યા હતા. જેથી પોલીસે સાબીર અખ્તર હુસેન અંચારી, મહોસીન અહેમદ અંસારી, આસીફ હુસેન અંસારી (ત્રણ સગાભાઈઓ) સહિત છની ધરપકડ કરી હોવાનુ સુત્રોએ જણાવ્યું છે. .પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે, ૧૦ વર્ષ જુની તકરારનો બદલો લેવા અને મોહંમદનામના ટ્રક માલિકને આતંકવાદી જાહેર કરવા માટે જેકી અને મોહસીને આ કૃત્ય આચર્યુ હતુ.

## શબ્દાવલી - ૪૭૬૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | ૬ | ૭ | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | | | ■ |
| ■ | ૧૨ | | | | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ | | ■ | | ■ | ૧૬ | ■ | |
| | ■ | ૧૭ | | | | ૧૮ | ■ |
| ૧૯ | ૨૦ | ■ | | ■ | ૨૧ | | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

**આડી ચાવી**

૧. રાક્ષસ (૩)
૩. ઝીણા તાવની અસર (૪)
૬. ટપારવું, ... કરવી (૩)
૮. ડફલી (૨)
૯. નિયત, વ્રત (૨)
૧૧. કયારેક (૪)
૧૨. વતનથી છૂટા પડવું કે છોડવું તે (૪)
૧૩. વાંધો (૨)
૧૫. સરહદ, હદ (૨)
૧૭. ... કરવી પણ કંજૂસાઈ ન કરવી (૫)
૧૯. પપ્પાના નાના ભાઈને... કહેવાય (૨)
૨૧. દાળશાકના વધારમાં વપરાય (૨)
૨૨. રોમાંચક (૩)
૨૩. નવું, હમણાં હમણાનું (૪)

**ઊભી ચાવી**

૧. વિજળી (૩)
૨. રોફ, વટક (૨)
૩. લાકડું વહેરવાનું સાધન (૪)
૪. ગરમ તેલમાં રાઈ નાખવાથી ... અવાજ આવે (૪)
૫. નકામુ (૨)
૭. હૂંફાળું બહુ ગરમ નહિ તેવું (૬)
૧૦. પ્રતાપ, યશ, મહત્તા (૩)
૧૪. ખોટ, ખામી (૨)
૧૫. તીખું ખવાઈ જાય ત્યારે મોંઢેથી થતો અવાજ (૪)
૧૬. ભૂલી જવું (૪)
૧૮. માલદાર, ધનવાન (૩)
૨૦. શીશો, આયનો (૨)

### શબ્દાવલી ૪૭૬૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) પ્રચલિત (૪) છેવાડુ (૬) તિર (૭) રિશ્વત (૮) પકો (૯) રખડુ (૧૦) તત્કાલ (૧૧) નવુ (૧૨) વજીફો (૧૪) તાવડી (૧૬) ઠગ (૧૭) રાજુ (૧૮) વંટોળીયો (૧૯) જીદ (૨૦) ગળી

**ઊભી ચાવી :-** (૧) પ્રતિષ્ઠિત (૨) ચર (૩) તરીકો (૪) છેતરવું (૫) ડુગડુગી (૮) પલવડી (૧૧) નફોટોતો (૧૩) હઠયોગ (૧૪) તારાજી (૧૫) વજૂદ (૧૮) વંદો

# ભારત સંચાર નિગમની અમદાવાદ સર્કલને જનસંપર્ક વિભાગ અજ્ઞાનતામાં

ગાંધીનગર, તા. ૨૩

ભારત સંચાર નિગમની અમદાવાદ - ગાંધીનગર સર્કલનો જનસંપર્ક વિભાગ નિષ્ક્રિય રહે છે. જેના પરિણામે નિગમના ગ્રાહકોને અનેક મુશ્કેલીઓ પડે છે. તથા નવીન જાણકારી મળતી નથી.

તાજેતરમાં છેલ્લા બેમાસથી ટેલિફોન બિલ અનિર્ણિત બનેલ છે. તેની સિસ્ટમ નવી બનાવતા હોવાથી અનિર્ણિત મળે છે. પરંતુ જનસંપર્ક તરફથી કોઈ પણ જાતની જાહેરાત કે અખબારોમાં પ્રેસનોંધ આવતી નથી.

વધુમાં નિગમની કેટલીક નવી યોજનાઓ મોબાઈલ અને લેન્ડલાઈન માટે આવતી હોય છે. જે સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાત બાજુ જનસંપર્ક તરફથી અખબારોમાં પ્રસિધ્ધ થાય છે. જયારે અમદાવાદ ગાંધીનગર સર્કલને આ અંગે અજ્ઞાનતાની નિદ્રામાં પોઢી રહ્યું છે. નિગમની ગાંધીનગર કચેરીમાં કૉલ સેન્ટરમાં બેઠેલા કર્મચારીઓને આ યોજનાઓ વિષે જાણકારી નથી તો સંચાર નિગમ જરૂરી કાર્યવાહી કરે તેમ નિગમના ગ્રાહકો ઈચ્છી રહ્યા છે.

# ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ 'વૅલફેર દ્વારા ગુજરાત' એવૉર્ડ અર્પણ કરાયા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે સમાજની સેવાના ધ્યેયને વરેલી પ્રતિભાઓનું સન્માન કરવું, એ આપણા સૌનું ઉત્તરદાયિત્વ છે.

રાજયપાલશ્રી આજે રાજભવન ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ વેલફેર, ગુજરાત દ્વારા આયોજિત 'ગ્લોરી ઓફ ગુજરાત' એવોર્ડ વિતરણ સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે આપણા આ ઉત્તર દાયિત્વના નિર્વહનથી તેઓ પ્રોત્સાહિત થશે અને તેમની સેવાઓનો લાભ સમાજના નબળા સ્તરના લોકો સુધી પહોંચી શકશે. વાસ્તવમાં, જનસેવાના કાર્યમાં સમર્પિત વ્યક્તિ સમાજમાં શ્રેષ્ઠતાનું દ્યોતક છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સમાજ સેવકોની પરંપરાની આગળી ઓળખ રહી છે. રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધી, લોહ પુરૂષ સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ, શ્રી ઈન્દુભાઈ યાજ્ઞિક, શ્રી રવિશંકર મહારાજ તથા અન્ય કર્મઠ સમાજ સેવકોએ માનવ સેવાની જયોતિ પ્રજવલ્લિત રાખી છે. તેમના જીવન કાર્યો આપણને હંમેશા પ્રેરણા આપતા રહેશે.

ડૉ. શ્રીમતી કમલાજીએ પુરસ્કાર પ્રાપ્ત કરનારની સેવાઓને બિરદાવી જણાવ્યું હતું કે, 'ગ્લૉરી ઓફ ગુજરાત' પુરસ્કાર મેળવનાર દાનવીર શ્રી સુંદરજીભાઈ શાહ, સ્વાતંત્ર્ય સેનાની શ્રી છનાભાઈ જોશી, સિસ્ટર મારીયા, શ્રી શાંતિભાઈ જૈન તેમજ અન્ય પ્રતિભાઓએ સમાજ સેવાના વિવિધ ક્ષેત્રોમાં ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે, જે આપણી યુવા પેઢી માટે ઉત્તમ ઉદાહરણરૂપ બનશે.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ પ્રબંધન તજજ્ઞ ડૉ. શૈલેષ ઠાકર લિખિત પુસ્તક 'આઈ એમ લેજેન્ડ' નું લોકાર્પણ કર્યું હતું.

ભૂતપૂર્વ કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી ઉર્મિલાબેન પટેલે જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા સમાજની વિશિષ્ઠ વ્યક્તિઓનું સન્માન કરવામાં સહભાગી બનવા માટે હું હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

ભૂતપૂર્વ નાયબ મુખ્ય મંત્રી શ્રી નરહરિ અમીનને પુરસ્કાર વિજેતાઓની સેવાઓને બિરદાવી હતી અને આશા વ્યક્ત કરી હતી કે તેઓ સેવા યજ્ઞ અવિરત જાળવી રાખી સમાજને ઉપયોગી બનશે.

# નારાયણ હૃદયાલયાની 'જન હિતાય' આરોગ્ય સેવા અંતર્ગત ઓપીડીની સુવિધા માત્ર રૂ. ૧૦માં ઉપલબ્ધ

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ સ્થિત નારાયણ હૃદયાલયા હોસ્પિટલ્સે આજે 'જન હિતાય' નામની ખાસ આરોગ્ય વિષયક સેવાનો પ્રારંભ કર્યો હતો. જે અંતર્ગત સામાન્ય અને ખાસ પ્રકારની ઓપીડી સેવા માત્ર રૂ. ૧૦ના નજીવા દરે ઉપલબ્ધ બનાવવામાં આવી છે. આ પહેલ પાછળનો મુળ હેતુ સમાજના તમામ વર્ગને આરોગ્ય સેવાઓ પોષાય એવા દરે ઉપલબ્ધ બનાવવાનો છે. 'જન હિતાય' અંતર્ગત સુપર સ્પેશિયાલિસ્ટ કન્સલ્ટેશન અને મેડિકલ ઈન્વેસ્ટિગેશનની સેવા પણ રાહત દરે ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

આ સેવાનો વિધિવત પ્રારંભ આજે માનનીય સંસદ સભ્યશ્રી હરીન પાઠકના હસ્તે કરવામાં આવ્યો હતો, આ પ્રસંગે રખિયાલ, અમદાવાદના ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. નારાયણ હૃદયાલયા ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ ઉચ્ચ પ્રકારની તબીબી સેવાઓ પોષાય એવા દરે પૂરી પાડવાના સિદ્ધાંતને વરેલી છે અને તેની આ નવી પહેલ આ પ્રકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

'જન હિતાય' ઓપીડી સેવા અંતર્ગત કાર્ડિઓલોજિસ્ટ, પિડિયાટ્રિશિયન અને સર્જન વગેરે જેવા નિષ્ણાત ડોક્ટરોની સલાહ મેળવવાની સવલત માત્ર રૂ. ૧૦ના નજીવા દરે પૂરી પાડે છે. આના કારણે સામાન્ય માનવી પણ એક કોર્પોરેટ હોસ્પિટલમાં પોતાના રોગનું નિદાન કરાવી શકે છે અને તેની સારવાર મેળવી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હેલ્થ સિટી પ્રોજેક્ટના પ્રારંભ સાથે નારાયણ હૃદયાલયાએ મે, ૨૦૧૨માં અમદાવાદમાં પોતાની હાજરી પ્રસ્થાપિત કરી હતી. હેલ્થ સિટી પ્રોજેક્ટના પ્રથમ તબક્કા અંતર્ગત ૩૦૦ પથારીની ક્ષમતા ધરાવતી એક હોસ્પિટલ સ્થાપવામાં આવી છે. આ હોસ્પિટલમાં એડવાન્સ કાર્ડિયોલોજી યુનિટ, બાળકો તથા પુખ્ત વયના વ્યક્તિઓ માટેનું કાર્ડિએક સર્જરી યુનિટ, ઓર્થોપેડિક, ન્યુરો સાયંસ, યુરોલોજી, નફ્રોલોજી, ક્રિટિકલ કેર તથા મેડિસિન, પિડિયાટ્રિક, ગાયનેકોલોજી, ગેસ્ટ્રો સાયંસ, ૧.૫ ટેસ્લા એમઆરઆઈ તથા ૬૪ સ્લાઈસ સિટી સ્કેન વગેરે જેવી આધુનિક સુવિધા, મેમોગ્રાફી વગેરે સહિત તમામ પ્રકારની તબીબી સેવાઓ ઉપલબ્ધ છે.

નારાયણ હૃદયાલયા રખિયાલ, અમદાવાદ ખાતે આવેલા તેના ૩૭ એકરના કેમ્પસમાં ૫૦૦૦ પથારીની ક્ષમતા ધરાવતી હોસ્પિટલ, મેડિકલ કોલેજ તથા નર્સિંગ અને અન્ય પેરામેડિકલ કોર્સ માટેની શૈક્ષણિક સંસ્થા સહિતના હેલ્થ સિટીની સ્થાપના કરવાનું આયોજન પણ કરી રહ્યું છે. આ હેલ્થ સિટીની સ્થાપના થતાં સંખ્યાબંધ પ્રત્યક્ષ તથા પરોક્ષ રોજગારીની તકો ઉપલબ્ધ બનશે અને સાથે સાથે આજુબાજુના વિસ્તારનો પણ નોંધપાત્ર વિકાસ થશે.

# કચ્છના નાગરિકોની સાથે અન્યાય કરાયો : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૨૩

કચ્છ જિલ્લા કોંગ્રેસ કાર્યકર સંમેલનને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયા જણાવ્યું હતું કે, કચ્છના નાગરિકો સાથે ભાજપની સરકારે વેરોવંચો રાખીને માત્ર અન્યાય કર્યો છે. કચ્છમાં પોતાના માનીતા ઉદ્યોગપતિને કચ્છની કિંમતી જમીન પાવીના ભાવે આપીને ભાજપની સરકારે અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે. નર્મદા હોય કે ઉદ્યોગ કચ્છના નાગરિકોને સગવડ આપવામાં ભાજપની સરકાર સંપૂર્ણ નિષ્ફળ નીવડી છે.

## ટાઈડલ પાવર પ્રોજેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજીરામાં ૩૦૦ મેગાવોટ વીજળી પેદા કરાશે. સરકારે ૨૦૦૯માં કલ્પસર યોજનામાંથી ટાઈડલ પાવરની સ્કીમ ડ્રોપ કરી હતી કારણ કે આ પ્રોજેક્ટની કોસ્ટ વધી જતી હતી. હવે સરકારે નક્કી કર્યું છે કે ટાડઈલ પાવર પ્રોડક્શન માટે ગુજરાત પાવર કોર્પોરેશન ૨૫ કરોડનું મૂડીરોકાણ કરશે.

માંડવી તાલુકાના મસ્કા ગામ પાસે ૧૬ હેક્ટર જમીન સરકારે એક્વાયર કરી છે અને આ જગ્યાએ પ્રોજેક્ટ ઉભો કરવામાં આવશે. ગોવા સ્થિત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓસનોગ્રાફીને પર્યાવરણિય અભ્યાસનું કામ સોંપવામાં આવ્યું છે. આ ૨૫ કરોડ સોઈલ ઈન્વેસ્ટીગેશન, ટોપોગ્રાફિકલ સર્વે અને જીઓ ટેકનિકલ સર્વે પાછળ ખર્ચાશે. આ સાથે કયા પ્રકારના ટર્બાઈન ગોઠવવાના તેનો સ્ટડી પણ કરાશે.

રાજ્ય સરકારે ૫૦ મેગાવોટના ટાઈડલ પાવર માટે યુએસ બેઝ એટલાન્ટિસ કપંની સાથે એક એમઓયુ સાઈન કર્યો હતો જેને મત્સ્યોદ્યોગ વિભાગ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડે મંજૂરી આપી છે.

આ કંપનીના જણાવ્યા પ્રમાણે એક મેગાવોટ વીજળી પેદા કરવા માટે ૧૭.૧ કરોડનો ખર્ચ થાય છે જેમાં ટર્બાઈન, સબ સ્ટેશનના સાધનો, પાવર ઈલેક્ટ્રોનિક્સના સાધનો, કેબલીંગ અને ઈન્ટોલેશન જેવી બાબતો આવી જાય છે.

ટાઈડલ પ્રોજેક્ટથી પેદા થતી વીજળીનો ભાવ યુનિટ દીઠ ૧૫ રૂપિયા રાખવાની ભલામણ કરવામાં આવી છે. જો કે આ ભાવ હજી નક્કી કરવામાં આવ્યા નથી. આ પ્રોજેક્ટમાં રાજ્ય સરકાર સોલાર પાવર પ્રોજેક્ટની જેમ ઈન્સેન્ટીવ પણ આપી શકે છે.